કમિશનરશ્રી,ઉચ્ચશિક્ષણની કચેરી

શિષ્યવૃતી શાખા,બ્લોક નં-૧૨/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન

ગાંધીનગર,ગુજરાત રાજ્ય.

સત્યમેવ જયતે


ક્રમાંક : ઉ-૨/સ્કો/૨૦૨૦/૭૫૦-૭૮૩

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ૧૨/૨,

ડો જીવરાજ મહેતા ભવન

ગુ.રા., ગાંધીનગર

તા: ૦૮/૧૨/૨૦૨૦

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

જિલ્લા- તમામ

વિષય: રાજ્ય સરકારની શિષ્યવૃતિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગનાવિધાર્થીઓની ફી માફી યોજના(ઈબીસી ફી માફી) ના ગ્રાન્ટના અંદાજો મોકલી આપવા બાબત.(સને.૨૦૨૦-૨૧)

સંદર્ભ : સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ, તા.૧૪/૮/૨૦૧૭

શ્રીમાન,

ઉપર્યુકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપના જિલ્લાની સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ કોલેજોમાં ચાલુ વર્ષ સને ૨૦૨૦-૨૧ મા અભ્યાસ કરતા આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓને ચાલુ વર્ષમા રાજય સરકારની શિષ્યવૃતિઓ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓની ફી માફી યોજના (ઈબીસી ફી માફી) શિષ્યવૃતિ ચુકવવાની થાય છે. જે અન્વયે આપના જિલ્લામાં ચાલુ વર્ષ માટે કેટલી ગ્રાન્ટની જરૂરીયાત રહેશે. તેના અંદાજો આપના જિલ્લાની ઉક્ત કોલેજોમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવીને કે કોલેજોના આચાર્યશ્રીઓ પાસેથી અંદાજો મંગાવીને એકત્રિત કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં તૈયાર કરીને આ કચેરીને તા.૦૫/૦૧/૨૦૨૧ પહેલા મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી નિયત સમયમર્યાદામાંઆ અંગેની ગ્રાન્ટની ફાળવણી થઈ શકે.

- આ માહિતી એકત્રિત કરતી વખતે નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે.

1. સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઉક્ત ઠરાવમાં જોગવાઈ કર્યા મુજબ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં વિધાર્થીઓને મળવાપાત્ર ફી માફીની રકમ ધ્યાને લેવાની છે.
2. ધોરણ-૧૨ માં ૬૦ ટકા કરતાં વધુ ગુણ મેળવનારને આપી શિક્ષણ ફી અને ૬૦ ટકા થી ઓછા ગુણ મેળવનાર ( સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં ) વિધાર્થીઓને અડધી ફી ચુકવવા માટે રકમ ધ્યાને લેવાની રહેશે. જ્યારે


E-mail :-dduniversity-che@gujgov.edu.in phone-07923253994.
E-mail :-ssuniversity-che@gujgov.edu.in phone-07923254022.


જા.નં./માધ્ય/13227
તા.08/12/2020

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.

કમિશનરશ્રી,ઉચ્ચશિક્ષણની કચેરી

શિષ્યવૃતી શાખા,બ્લોક નં-૧૨/૨,ડો.જીવરાજ મહેતા ભવન

ગાંધીનગર,ગુજરાત રાજ્ય.

સત્યમેવ જયતે

બીજા અને ત્રીજા વર્ષમાં આખી ફી માફી મેળવવા માટે આગલા વર્ષે ૫૦% કરતાં વધુ ગુણ જોઈએ અને ૫૦% કરતાં ઓછા ગુણ મેળવેલ હશે તો આખી ફી માફી મળવાપાત્ર થશે નહી, અડધી ફી માફી મળવાપાત્ર થશે.

3. સ્નાતક કક્ષાએ ૬૫ ટકા કરતાં વધુ ગુણ મેળવનારને આખી શિક્ષણ ફી અને ૬૫ ટકા થી ઓછા ગુણ મેળવનાર (અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં) વિધાર્થીઓને અડધી ફી ચુકવવા માટે રકમ ધ્યાને લેવાની રહેશે.
4. વિધાર્થીના વાલીના વાર્ષિક આવક મર્યાદા રૂ.૨,૫૦,૦૦૦/- ની છે.
5. ઉક્ત ઠરાવની જોગવાઈ મુજબ માત્ર કોલેજમાં સ્નાતક અને અનુસ્નાતકનો અભ્યાસ કરતાં વિધાર્થીઓનેજ મળવાપાત્ર છે. શાળાના વિધાર્થીઓને ચુકવવાપાત્ર નથી. જેથી તેઓની માહિતી મોકલવાની નથી.
6. રાજ્ય સરકારશ્રીની કોઈપણ એક શિષ્યવૃતિ મળવાપાત્ર હોઈ જે વિધાર્થીએ આર્થિક રીતે પછાત વર્ગના ધોરણે કોઈ નિયત દરે અન્ય શિષ્યવૃતિનો લાભ મેળવેલ હશે. કે અન્ય કોઈ યોજના હેઠળ શિક્ષણ ફી માફી મળેવેલ હશે. તો પણ તેને આ યોજનાનો લાભ મળવાપાત્ર ન હોઈ તેની માહિતી મોકલવાની નથી.
7. સ્વનિર્ભર (સેલ્ફ ફાયનાન્સ) કોલેજના વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

આપના જિલ્લાની કોલેજોનો કોઈ પાત્રતા ધરાવતો વિધાર્થી ઉક્ત શિષ્યવૃતિથી વંચિતન રહી જાય તે મુજબની કાર્યવાહી કરવા કોલેજોના આચાર્યશ્રીઓને જણાવશે. અને કોલેજો આ કચેરીને સીધે સીધી માહિતી ના મોકલે તે પણ જણાવશો. તમામની માહિતી અમારી કચેરીમાં મંગાવીને એકત્રિત કરીને દર વર્ષની જેમ સંકલન કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં નિયત સમય મર્યાદામાં આ કચેરીને મોકલી આપશો.

માહિતી આ સાથેના ઈમેઈલ પર પણ મોકલી આપશો. nsigseche@gmail.com

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી
ગાંધીનગર

બિડાણ : નિયત પત્રક

નકલ રવાના :-

- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૨, સચિવાલય, ગાંધીનગર
- પ્રિન્સીપાલશ્રી, સરકારી અને માત્ર ગ્રાન્ટેડ બિન સરકારી કોલેજો, તમામ..

E-mail :-dduniversity-che@gujgov.edu.in
E-mail :-ssuniversity-che@gujgov.edu.in

phone-07923253994.
phone-07923254022.

Scanned with CamScanner

## પત્રક–અ

**આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓની ફી માફી યોજના (ઈબીસી ફી માફી) હેઠળ સને.૨૦૧૯–૨૦ના વર્ષમાં થનાર ખર્ચના અંદાજોની વિગત દર્શાવતું પત્રક**

કચેરીનું નામઃ–

જિલ્લાનું નામ :–

| ક્રમ | કોલેજનું નામ | સરકારી કે ગ્રાન્ટ ઈન એઈડ | વર્ષ | આખી ફી માફી માટે આવેલ વિધાર્થીઓની અરજીઓની સંખ્યા | જે માટે ચૂકવવાની થતી કુલ વાર્ષિક રકમ રૂ. | અડધી ફી માફી માટે આવેલ વિધાર્થીઓની અરજીઓની સંખ્યા | જે માટે ચૂકવવાની થતી કુલ વાર્ષિક રકમ રૂ. | એકંદરે ચૂકવવાની થતી રકમ રૂ. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એફ.વાય. | | | | | | |
| | | | એસ.વાય. | | | | | | |
| | | | ટી.વાય. | | | | | | |
| | | | પોસ્ટ ગ્રેજ્યુએટ–પ્રથમ વર્ષ | | | | | | |
| | | | પોસ્ટ ગ્રેજ્યુએટ–બીજું વર્ષ | | | | | | |
| કુલ સરવાળો | | | | | | | | | |

કચેરીના વડા સહી/સિક્કો

નોંધ :– માહિતી "નીલ" હોય તો પણ પત્રથી જાણ કરવાની રહેશે અને શાળાના વિધાર્થીઓની માહિતી મોકલવાની નથી.